## દુંદાળા દેવના દર્શન


પરા કાછીયાવાડ (ખેડા)


લાંબી શેરી (ખેડા)


લાલ દરવાજા (ખેડા)


સાર્વજનિક યુવક મંડળ(ખેડા)


ગણેશ યુવક મંડળ(લુણાવાડા)


રાણા ગણરાજ (લુણાવાડા)


ગણપતિ યુવક મંડળ (લુણાવાડા)


રાજપૂત યુવક મંડળ (લુણાવાડા)


ફ્રેન્ડસ ગ્રુપ (લુણાવાડા)


શ્રીજી યુવક મંડળ બારોટવાડા


છપૈયાધામ યુવક મંડળ (લુણાવાડા)


રણછોડજી યુવક મંડળ (લુણાવાડા)


હવેલી યુવક મંડળ (લુણાવાડા)


ફુવારા ચોક યુવક મંડળ (લુણાવાડા)

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પલેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજમાં આશાવર્કર બહેનોએ પડતર માંગણીના ઉકેલ માટે રજૂઆત વધુ એક વખત રજૂઆત કરી

# કપડવંજમાં આશાવર્કરને કામગીરી માટે મોબાઇલ આપવા માંગ

**આશા વર્કર બહેનોએ પ્રાંત અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું**





(પ્રતિનિધિ) કપડવંજ તા.2

ગુજરાત આશા એન્ડ હેલ્થ વર્કસ યુનિયન (સીઆઈટીજી) સંકલીત ગુજરાત આશા અને આરોગ્ય કામદાર યુનિયન દ્વારા કપડવંજ પ્રાંત અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીને આરોગ્ય વિભાગમાં સેવા બજાવતા આશા વર્કર તથા ફેસિલિએટરને ડિજિટલ કામગીરી કરવા માટે તાત્કાલિક સક્ષમ મોબાઈલ આપવામાં આવે તેમજ જ્યાં સુધી સરકાર મોબાઈલ ન આપવામાં આવે ત્યાં સુધી ઓનલાઇન કામગીરી પોતાના મોબાઈલથી ફરજ પાડવાનું રોકવામાં આવે તેવી રજૂઆત આવેદનપત્ર આપી કરવામાં આવી હતી.

કપડવંજ તાલુકાની આશાવર્કરોએ આવેદનપત્રમાં જણાવ્યું છે કે, ગુજરાત આશા એન્ડ હેલ્થ વર્કર યુનિયન તરફથી જિલ્લા - તાલુકા કક્ષાએ ધમકીઓ આપી પોતાના મોબાઈલથી કામ કરવાની ફરજ રોકવા અને ઓનલાઈન કામગીરી માટે સરકાર દ્વારા મોબાઈલ આપવા આપની સમક્ષ રજુઆત કરી છે. સરકાર દ્વારા મોબાઈલ આપ્યા વિના જ 'ટાકો સોફ્ટવેર'માં ઓનલાઈન કામગીરીમાં વધારો કર્યો છે અને ફરજીયાત તાલીમ ગોઠવેલી છે. હાલ બહેનો પાસે સક્ષમ મોબાઈલ નથી અને હાલમાં જે કામગીરી સોંપવામાં આવી રહી છે, તે પોતાના મોબાઈલથી શક્ય જ નથી અને હેન્ગ થઈ જાય છે.

આશ્ચર્યજનક રીતે આશા વર્કરોના તથા ફેસિલેટરોના બિલોની કામગીરી પણ ડોક્યુમેન્ટ તો અપલોડ કરીને આશા વર્કર એ જ પોતાના મોબાઈલમાં બનાવવાના છે, તેવી સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત પહેલી ઓક્ટોબરથી આ કામગીરી શરૂ કરવાની રહેશે. તેમ પણ સૂચના અપાય છે અને જો આ બિલ્ડીંગની કામગીરી અને ડાટા એન્ટ્રીની કામગીરી ડોક્યુમેન્ટ અપલોડ કરવાની કામગીરી આશા વર્કર કરશે નહીં તો તેઓને ઈનસેટિવની રકમ પણ ચૂકવવામાં આવશે નહીં. તેવી ધમકી આપવામાં આવી છે. આ તદ્દન ગેરવ્યાજબી અને અશક્ય વાત છે. કારણ કે આશા વર્કર પાસે સક્ષમ મોબાઈલ છે નહીં અને જો આ ડોક્યુમેન્ટો અપલોડ કરે તો તેઓના મોબાઈલો હેંગ થઈ જાય તેવા સંજોગો છે અને તેથી આવી સૂચના તાત્કાલિક અસરથી પાછી ખેંચવામાં આવે તેવી સૂચના આપવા વિનંતી છે.

આ અંગે બહેનોએ રોષ પૂર્વક જણાવ્યું હતું કે, લાંબા સમયથી પગારમાં પણ વધારો કર્યો નથી, લઘુતમ વેતન પણ આપવામાં આવતું નથી. 20 વર્ષની યોજના છતાં કાયમી કરાતા નથી. હવે આ બહેનોની ધીરજનો અંત આવ્યો છે, તેથી તાકીદે લઘુતમ વેતન જેટલું સન્માન જનક વેતન આપવા જણાવીએ છીએ. તે માટે યુનિયનના આગેવાનોની બેઠક યોજવામાં આવે તેવી માંગણી છે. તારીખ અને સમય ફાળવવા વિનંતી છે. જો સરકાર દ્વારા નિર્ણાયક બેઠક યોજવામાં નહીં આવે તથા પગાર વધારા નો નિર્ણય કરવા, મોબાઈલ આપવામાં ન આવે ત્યાં સુધી ઓનલાઇન કામગીરી બંધ કરવા આદેશ નહીં કરાય તથા આશા અને ફેસિલિએટર બહેનોની અન્ય માંગણીઓ ન ઉકેલાય તો આંદોલન કરવાની ફરજ પડશે. તેવી ચિમકી ઉચ્ચારી હતી.

# મહેમદાવાદમાં ₹45હજાર રોકડ ભરેલી બેગ ચોરાઈ

(પ્રતિનિધિ) મહેમદાવાદ તા.2

મહેમદાવાદમાં હલધરવાસમાં કાપડનો ધંધો કરતો વેપારી કારમાં પંચર કરાવી રહ્યાં હતાં. તે સમયે ગઠિયો રૂ.45 હજાર ભરેલી બેગ ચોરી ગયો હતો. આ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સૂત્રોના જણાવ્યાનુસાર, કઠલાલના રહેવાસી ફકીરમહમંદ નૂરમહમંદ મન્સુરી હલધરવાસ ખાતે ગુજરાત કાપડ ભંડારના નામથી દુકાન ચલાવે છે.આ ધંધામાં તેમનો દિકરો સોએબ પણ સંકળાયેલ છે. તે દુકાનની સામે મોબાઈલ શોપ ચલાવે છે.. અને તેઓ બંને પિતા-પુત્ર ધંધાર્થે આવવા જવા માટે વેગન આર ગાડીનો ઉપયોગ કરે છે. ત્યારે ગત તા.21-08-2025 ના રોજ બંને પિતા-પુત્ર દુકાનનો ધંધો નિપટાવી સાંજે સાડા છએક વાગ્યે આખા દિવસના વકરાની રકમ રૂ.45000- તથા દુકાનની ચાવીઓ,તથા દિકરા મુનીરનું અસલ ડ્રાઈવીંગ લાયસન્સ બેગમાં મુકી કઠલાલ જવા માટે નીકળ્યાં હતા.તે દરમિયાન સાતેક વાગ્યાના અરસામાં રસ્તામાં યશ પેટ્રોલ પંપ પાસે ગાડીને પંચર કરાવવા માટે લઈ જવી પડી હતી. આ બેગ ગાડીમાં હતી અને પિતા-પુત્ર પંચર કરાવવા નીચે ઉતર્યા હતા. જો કે પંચર કરાવ્યાં બાદ ગાડીમાં બેસતા ગાડીમાંથી બેગ ગુમ થઈ ગઈ હતી. જેથી પિતા-પુત્રએ આજુબાજુમાં શોધખોળ ચલાવી હતી. પરંતુ બેગનો કોઈ અત્તોપત્તો ન મળતા આખરે તેમણે ચોરાયેલ બેગ અંગે અજાણ્યાં ચોર ઈસમો સામે મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

## કપડવંજમાં શ્રીજીના વિસર્જન નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાઇ







કપડવંજ નગરમાં ગણેશ મહોત્સવનું વિસર્જનની શોભાયાત્રા યોજાઈ હતી. શહેરના વિવિધ પંડલના સ્થળોએથી સાર્વજનિક ગણેશ મહોત્સવમાંથી દુંદાળા દેવ ગણેશને નગરમાં ભવ્ય ડી.જે. અને ઢોલ-નગારા, ગજરાજ, બગી સાથેની શોભાયાત્રા બાદ સંગમ નદીમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. નગરની ધાર્મિક જનતાએ ભાવપૂર્વક દાદાનું વિસર્જન કર્યું હતું. કાયદો અને વ્યવસ્થા માટે સઘન બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. વિસર્જન દરમ્યાન સંગમ નદી ઉપર કોઈપણ અનિચ્છનિય બનાવ ના બને તે માટે લાકડાની રેલિંગ બનાવી તથા પ્રતિવર્ષની જેમ કપડવંજ નગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા ફાયરના જવાનો તથા કુશળ તરવૈયા થકી ગણેશજીનું વિસર્જન કરવા બંદોબસ્તની વ્યવસ્થા કરવામાં આવી હતી. **તસવીર : હરિશ જોષી**

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### બાલાસિનોર સેવાભાવી કાર્યકર નવનીતલાલ શાહ (જાટ)નું 101 વર્ષે અવસાન થયું



**બાલાસિનોર |** બાલાસિનોરના વતની દશાનીમાં વણિક અને ધંધાર્થે મુંબઈ વસેલા નવનીતલાલ મણીલાલ શાહ (જાટ)નું મુંબઈ ખાતે 101 વર્ષે નિધન થયું છે. તેઓએ બાલાસિનોરના આદિવાસી વિસ્તારમાં સેવાકીય પ્રવુતિઓ શરૂ કરી હતી. તે માટે મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટની રચના કરી ગરીબ અને જરૂરિયાતમંદને જીવન જરૂરી વસ્તુઓ, તૈયાર કપડાનું વિતરણ, વેરાસા પ્રાથમિક શાળા દત્તક લઈ આદિવાસી વિસ્તારમાં શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન થાય તેવી પ્રવૃત્તિઓ દાતાઓના સહયોગથી કરી હતી. વેરાસાના ગાંધી તરીકે ઓળખાતા નવનીતલાલ શાહ (જાટ)ના અવસાનથી મહાત્મા ગાંધી ટ્રસ્ટ પરિવાર, વેરાસા શાળા પરિવાર, ઘેરા શોકની લાગણી અનુભવી હતી.

### વિઠ્ઠલ ઉધોગનગર સ્થિત ચરોતર ગેસ સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઇ



**આણંદ |** વિઠ્ઠલ ઉધોગનગર સ્થિત ચરોતર ગેસ સહકારી મંડળીની 26મી વાર્ષિક સાધારણ સભા ચેરમેન સુરેશભાઈ પી. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી. આ મીટીંગમાં ચેરમેન સુરેશભાઈ પી. પટેલ, વાઇસ ચેરમેન જયેશભાઈ જે. પટેલ, મેનેજીંગ ડિરેક્ટર હસમુખભાઈ એમ. પટેલ, ડિરેક્ટર દીપકભાઈ સી. પટેલ, ડિરેક્ટર કિરણભાઈ આઈ. પટેલ, ડિરેક્ટર રમેશભાઈ એચ. શાહ, ડિરેક્ટર વિઠ્ઠલભાઈ એમ. પટેલ તેમજ મોટી સંખ્યામાં સભાસદો હાજર રહ્યાં હતાં. આ સભાની શરૂઆત પ્રાર્થનાથી કરી સ્વર્ગસ્થ સભાસદો અને કર્મચારીઓ માટે મૌન પાળી પ્રાર્થના કરી હતી. આ સભામાં તમામ કામો સર્વાનુમત્તે મંજુર કર્યાં હતાં. જ્યારે સંસ્થાના ડિરેક્ટર દીપકભાઈ સી. પટેલ દ્વારા સભાને અંતે આભારવિધિ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ પ્રજાપતિએ કર્યું હતું.

### એસપી પટેલ યુનિ.ના કુલપતિની ભારત સરકારની ઉચ્ચ સ્તરીય સમિતિમાં નિમણૂંક

**આણંદ |** સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જયંતિ નિમિત્તે ભારત સરકારની ઉચ્ચ સ્તરીય સમિતિમાં સરદાર પટેલ યુનિવર્સિટીના




કુલપતિ પ્રો. નિરંજન પટેલની સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવી છે. આ સમિતિના અધ્યક્ષ તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રહેશે. આ સમિતિમાં પૂર્વ રાષ્ટ્રપતિઓ, પૂર્વ વડાપ્રધાન, લોકસભાના અધ્યક્ષ, વિવિધ કેન્દ્રિય મંત્રીઓ, રાજ્યપાલો, મુખ્ય મંત્રીઓ, પ્રખ્યાત શિક્ષણવિદો, ઇતિહાસકારો, સામાજિક કાર્યકરો, ઉદ્યોગપતિઓ, કલાકારો સહિતના પ્રતિષ્ઠિત વ્યક્તિત્વોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રકારની રાષ્ટ્રીય મહત્વ ધરાવતી સમિતિમાં સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નિરંજન પટેલની સભ્ય તરીકે નિમણૂંક થવા બદલ સરદાર પટેલ યુનિવર્સિટી પરિવાર ગૌરવ અનુભવે છે.

### નડિયાદ નગર પ્રાથમિક શાળામાં 'અમારી શાળા, અમારૂ સ્વાભિમાન' કાર્યક્રમ યોજાયો

**નડિયાદ |** અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ યોજિત અભિયાન અન્વયે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, નડિયાદ સંચાલિત



તમામ 20 શાળામાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નગર પ્રાથમિક શાળા નં.21માં શિક્ષણ સમિતિના અધ્યક્ષ અતુલભાઇ પંડ્યા, એસઆરપી કેમ્પ ગ્રુપ-7ના સેનાપતિ પી.પી.વ્યાસ, શાસનાધિકારી ભીખાભાઇ ચૌધરી, પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ લાલજીભાઇ તળપદા, મંત્રી ભાનુપ્રસાદ મહેરિયા, એચટાટ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ પિનાકીનભાઇ મકવાણા, ખેડા જિલ્લા પ્રા.શૈ.મહાસંઘના સંગઠન મંત્રી જૈમિનભાઇ પટેલ, મિતેષભાઇ તથા તમામ મહેમાનોએ પ્રેરક ઉપસ્થિતી આપી હતી. આ નિમિત્તે શાળાના સ્કાઉટ ડ્રેસથી સજ્જ બાળકોના બેન્ડ દ્વારા સૌ મહેમાનોને આનંદ અને ઉલ્લાસથી આવકાર્યા હતા.

### કપડવંજમાં શિવનેરી ગણેશ યુવક મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા



**કપડવંજ |** કપડવંજમાં શિવનેરી ગણેશ મંડળ અમથા પારેખની ખડકી પાસે આયોજિત ગણેશ મહોત્સવના છેલ્લા દિવસે વિવિધ શાળાઓના સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન રાખવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહિત ઇનામ આપવામાં આવ્યું હતું. શહેરની વિવિધ શાળાઓ જેવી કે સ્પંદન બાલમંદિર, સેવાસંઘ અને દત્ત હાઈસ્કૂલ જેવી શાળાઓએ ભાગ લીધો અને કાર્યક્રમમાં પોલીસ વિભાગના કર્મચારી, સહિત પોલીસ સબ ઇન્સ્પેક્ટર, ગાડીયારા પ્રાથમિક શાળાના આચાર્ય મિનેષભાઈ પ્રજાપતિ, વિવિધ શાળાઓના શિક્ષકો, અગ્રણી પંકજભાઈ શાહ, વ્રજેશભાઈ શાહ, ધર્મેશભાઈ શાહ સહિતના લોકો હાજર રહ્યા હતાં.

### કપડવંજના મલકાણા ગામ પાસે અંબાજી પદયાત્રીઓ માટે વિસામો સેવા કેમ્પ

**કપડવંજ |** કપડવંજ તાલુકાના અંતિસર મલકાણા ગામ પાસે ભાદરવી પૂનમના મેળામાં પગપાળા જતાં પદયાત્રીઓ માટે 'ગોકાજીના




મુવાડા આયોજીત વિસામો' સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અંબાજી પગપાળા જતા શ્રદ્ધાળુઓ માટે જય અંબે ગોકાજીના મુવાડા આયોજીત વિસામાનું આયોજન કરવામાં આવ્યું. શ્રદ્ધાળુઓ માટે ચા-નાસ્તાની સુવિધા કરવામાં આવી છે. આ વિસામાનું આયોજન રણજીતરામ મહારાજ લહેરજીના મુવાડા કિરણ દેસાઈ (કેડી) ગોકાજીના મુવાડા અનિલ બના ગોકાજીના મુવાડા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

### આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડીમાં ફાયર સેફ્ટી મોકડ્રીલ યોજાઇ

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઉચ્ચ પ્રાથમિક વિભાગ ખેતીવાડી આણંદમાં



ફાયર સેફ્ટી સંબંધિત મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રીલ દરમિયાન શિક્ષકો અને બાળકોને આગ લાગે ત્યારે શું કરવું ? કેવી રીતે પોતાનું રક્ષણ કરવું અને અન્ય લોકોની મદદ કરવી વગેરે વિષયોની સમજ ફાયર ઓફિસર દ્વારા આપવામાં આવી હતી. ખાસ કરીને ફાયર બોટલના (ફાયર એક્સ્ટિંગ્વિશર) યોગ્ય ઉપયોગ અંગે પ્રાયોગિક પ્રદર્શન પણ આપવામાં આવ્યું હતું.

### વીરપુરની ડીવાઇન વિદ્યા સંકુલ ખાતે આપણી શાળા આપણું સ્વાભિમાન કાર્યક્રમ યોજાયો




**વીરપુર |** વીરપુરના ધોરાવાડા ખાતે આવેલી ડીવાઈન વિદ્યા સંકુલ ખાતે અખિલ ભારતીય રાષ્ટ્રીયશૈક્ષણિક મહાસંઘ ગુજરાત દ્વારા આપણી શાળા- આપણું સ્વાભિમાન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જૈંમા કાર્યક્રમના અતિથી વિશેષ, અરવિંદભાઈ કે. પટેલ અને મુખ્ય વક્તા કે.સી.શેઠ આર્ટસ કોલેજના આચાર્ય સુજીત ત્રિપાઠી ઉપસ્થિત રહી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા શિસ્ત, ચારિત્ર્યનું ઘડતર શાળા અને કુટુંબ પરિવારની લાગણી જેવા ભાવો સાથે શિક્ષણ મેળવીને આજના યુવાનો પ્રેરણા લઇ રાષ્ટ્રના ઘડતરમાં પોતાનું યોગ દાન માર્ગદર્શન આપ્યું હતું.

### કપડવંજ કેળવણી મંડળ સંચાલિત એસ.સી.દાણી સ્કૂલમાં બાળ ઉર્જા રક્ષક દળ કાર્યક્રમ યોજાયો



**કપડવંજ |** કપડવંજની એસસી દાણી સ્કૂલમાં બાળ ઊર્જા રક્ષક દળ અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ તથા ગુજકોસ્ટના સંયુક્ત ઉપક્રમે શાળામાં બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ સફળતાપૂર્વક કરવામાં આવ્યો હતો. જેમાં ડો. એપીજે અબ્દુલ કલામ લોક વિજ્ઞાન કેન્દ્ર,ખેડાથી ભાવિકાબેન મકવાણા, ભૂમિકાબેન મકવાણા, દિવ્યાંગભાઈ મકવાણા, કૃપાલીબેન મકવાણા હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ પેદા કરી તેમને ઊર્જા સંરક્ષણના સચેત નેતાઓ બનાવવનો છે. આ પ્રસંગે 100 થી વધુ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતાં. આ પ્રસંગે વિવિધ સ્પર્ધા યોજવામાં આવી હતી.